॥ श्रीगोकुलेन्दुर्जयति ॥

શ્રીભક્તિમાર્ગીય સસ્તી ગ્રંથમાળા મણકો ૭ મો.

ચતુર્થ પીઠાધીશ્વર નિત્યલીલાસ્થ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી કનૈયાલાલજી (શ્રીવિઠ્ઠલનાથજી) મહારાજકૃત

દીનતા અને આશ્રયનાં પદ

તથા

મહાનુભાવી મોટાભાઈ કૃત

પુષ્ટિ શિક્ષા

(વર્ણના પુષ્ટિમાર્ગીય ઉત્સવો સાથે)

[illegible] સસ્તી ગ્રંથમાળાનું [illegible] શ્રીસુબોધિનીજી [illegible] આખી [illegible] ભગવદીય ભાઈ [illegible]લાલ ગો. શાહ [illegible] ગુજરાતી શ્રીસુબો-ધિનીજી [illegible] આ [illegible] પધરાવી [illegible] રાખી વાંચવાં યોગ્ય છે. આ શ્રીમહાપ્રભુજીની [illegible] વાણીનાં દર્શન ક્યાં જડે ? ગુજરાતી [illegible] [illegible] સ્વરૂપ અક્ષરોના દર્શન કરે તો મૂળ શ્રીભાગ-વત. 'નેત્ર[illegible] [illegible]' એટલે સૂર્યરૂપ શ્રીમહાપ્રભુજી-[illegible] શ્રીઅગ્નિમાંથી [illegible] શ્રીસુબોધિનીજી તેને નેત્ર. એટલે આંખમાં [illegible] ન. આમ મહાનુભાવીઓ કહે છે. શ્રી[illegible] નાં ૪૦ પદમાં આ [illegible] છે. ને શ્રીયમુનાજીનું અને શ્રીસુબોધિ-[illegible] છે, શ્રીસુબોધિનીજીના અક્ષરના દર્શન પણ [illegible] જો કરવાં હોય તો [illegible]. સંશોધક અને પ્રકાશક—ગો.

[illegible] મગનલાલ ઠાકોર

[illegible]

[illegible] ભક્તિમાર્ગીય સસ્તી ગ્રંથમાળા

[illegible] કાર્યાલય, [illegible] બજાર અમદાવાદ

બજાર, અમદાવાદ સં. ૧૯૮૨ શ્રીવલ્લભાબ્દ ૪૪૭

[illegible] કિંમત સવા આનો પ્રત ૪૦૦૦

૧૨૬૨૧

પ્રકાશતા મુદ્રણ કલા મંદિરમાં કેશવ હ. શેઠે છાપ્યું. રાયપુર—અમદાવાદ

વાંચો તો ખરા ! !

વ્રજનો કનૈયો જેમ જન્માષ્ટમીએ પ્રકટ થઇ તરતજ યશોદોત્સંગલાલિત બન્યો, તેમ આ પુસ્તકમાંનાં દીનતા અને આશ્રયનાં પદના વિરહી દશામાં કર્તા શ્રીકનૈયાપ્રભુ ઉપનામ શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગોકુલની ગાદીની ગોદે મથુરાજીમાં જન્માષ્ટમીએજ મૂળનાજ સમયે પ્રકટ થઈ કાર્તક વદિ ૧૧ ને દિવસે પધાર્યા. આનેજ ચતુર્થ પીઠના વૈષ્ણવો શ્રીકનૈયાપ્રભુનો પ્રાકટ્યોત્સવ માને છે. ચતુર્થ ઘરના વૈષ્ણવબંધુઓ પ્રાકટ્ય ઉત્સવ અત્યંત રસિક રીતે ઉઝવે છે, એ વાત કોનાથી અજાણી હોય ? આ વર્ષે હું પણ આવા ઉત્સવમાં ભાગ લેવા ભાગ્યશાળી બન્યો. બબ્બે વર્ષથી દેવગઢબારીઆના ભગવદીયો પોતાના સત્સંગનો લાભ આપવા મને આમંત્રણ આપતા હતા, પણ શ્રીકનૈયાપ્રભુ વગર કોની તાકાત કે તેવા સત્સંગનો લાભ લેવાની સવડ કરી આપે ? પ. ભ. મગનલાલ હરિલાલ બક્ષીજીના ચિ. ભાઈ મણિભાઈ રાજનગરના ભગવદીયોને આનંદ લૂંટવા તેડવા આવ્યા. હું તેમની સાથે બારીઆ ગયો, ત્યાં મને પુષ્ટિશિક્ષા એ નામે પુસ્તક બક્ષીજીએ બતાવ્યું. મને છપાવવાની ભલામણ કરી; જોડે શ્રીકનૈયાપ્રભુનાં દીનતા ને આશ્રયનાં પદ પણ છપાવવાની તેમની ઇચ્છા થઈ.

હું તો આમાંના એક પણ ગ્રંથનું નામ સરખુંય જાણું નહિ! ત્યાંના કેટલાક ભગવદીયોને મેં કહ્યું કે તમે મને કંઇક મદદ કરો તો હું છપાવું. તેમણે તે વાત કબુલ કરી. એટલે મેં બેઉ લખાવીને તેનું સંશોધન કર્યું. આ પુષ્ટિશિક્ષા બહુજ સુંદર ગ્રંથ છે. ખૂબીની વાત તો એ છે કે આ પુષ્ટિશિક્ષા લખનાર મહાનુભાવી મોટાભાઇ શ્રી ગોકુલેશાસક્ત ભગવદીય છતાં તેમનો વલ્લભકુળપર સમાન પ્રેમ છે. શ્રીવલ્લભાગ્નિનું અગ્નિસ્વરૂપ એ સર્વમાં અનુભવે છે. આ મોટાભાઇનું ટુંક જીવન જાણવું ઠીક થઇ પડશે. જીવન ઘણું ચમત્કારી છે.

મહાનુભાવી મોટાભાઇનું જીવનવૃત્તાંત.

આ જીવનવૃત્તાંત મેં દેવગઢબારીઆના ભગવદીય સોની ગગનલાલને મોઢેથી સાંભળ્યું હતું.

પરમ રસિક મહાનુભાવી મોટાભાઈ પંચમહાલ જીલ્લાના પાટનગર ગોધરાના વતની હતા. શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર મહાનુભાવી રાજા વ્યાસના અને શ્રીગુસાંઇજીના પરમ કૃપાપાત્ર મહાનુભાવી નાગજીભટના આ ગોધરામાં આવાં ભક્તરત્નો પાછળથી પણ ઉદ્ભવે એમાં નવાઇ નથી. કેટલાંય ભક્તરત્નોને શ્રીગોકુલેશે પ્રમેયબળ વડે સ્વશક્તિનો અનુભવ કરાવી કૃતાર્થ કર્યાં છે; તેમાંના એક આ મહાનુભાવી છે. તેઓ એક શ્રીમંતના પુત્ર હતા. પ્રથમ તેમને કોઇ એક શ્રીગોકુલેશના કૃપાપાત્ર ભટ્ટજીનો સંગ થયો.

આ ભટ્ટજીએ મોટાભાઈને શ્રીગોકુલનાથજીની લ્હે લગાડી; આથી માતુશ્રીને સમજાવીને શ્રીગોકુલ જવા નીકળ્યા; કારણ કે માતાના સ્નેહી સ્વભાવે રજા આપવામાં આનાકાની કરવા માંડી હતી. પાછળથી માતાને વાત્સલ્ય પ્રેમને લઈને બહુ લાગી આવ્યું, અને તેથી મોટાભાઇના રક્ષણ અને ખર્ચી માટે મહોરો લઇ પોતાના એક નોકરને મોકલ્યો. નોકરને સૂચના આપી કે મોટાભાઇને દુઃખ ન પડવા દેવું, તેમ વીલા પણ ન મૂકવા. નોકરે મોટાભાઇને દાહોદમાં પકડયા, અને તેમને માતાજીએ આપેલી સૂચના કહી બતાવી. આમ છતાં મોટાભાઇએ તેને પાછા જવા આગ્રહ કર્યો, પણ તેણે માન્યું નહિ, આથી રાતે છાનામાના તેને ઉંઘતો મુકી મોટાભાઇ ચાલ્યા ગયા. રસ્તામાં કોઈ શહેર આવ્યું, ત્યાં જઇ કોઇ વૈષ્ણવનું ઘર હોવાનું પૂછ્યું. ગામમાં એક વૈષ્ણવનું ઘર હતું, પણ બાપ ભગવદીય હતો; છોકરાઓમાં તેવી વૈષ્ણવતા કદાચ નહિ હોય. તેના પુષ્ટિમાર્ગીય ગ્રંથો મળ્યા; તે તેમણે લઇ લીધા. આ ગ્રંથોને તેઓ ભોગ ધરતા; તેઓ ગોકુલ ગયા, પણ ત્યાં જઇ એવો નિશ્ચય કર્યો કે પ્રભુ સાક્ષાત બોલાવે તોજ જવું. શ્રીગોકુલેશનાં દર્શન ન થયાં; એટલે તેઓ એક લીમડાપર ચઢીને શ્રીગોકુલેશના ધ્યાનમાં માત્ર શ્રીજમનાપાન કરીને રહેવા લાગ્યા. છ માસ એમ લીમડાપર ગાળ્યા. આ વાત ભૌતિક તર્કોથી સમજાય તેવી નથી; પણ ભગવદ્દ્સાવેશ એવી વસ્તુ છે કે ભૂખ

તરસ કશું લાગે નહિ. ઉંઘ પણ જતી રહે, છતાં કંઇ લાગતું નથી. શ્રીમહાપ્રભુજી જ્યારે પરિક્રમા કરતા ત્યારે આપશ્રી ભગવદ્વાર્તા કરતા કરતા ચાલતા, આથી શ્રીચરણકમળ કમળ જેવા કોમળ છતાં થાક વગેરે કંઇ જણાતું નહિ. ભૂખ તરસ પણ પીડતી નહોતી. સાથે ચાલનારા ભગવદીયોમાં પણ રસાવેશ થતો; જેથી તેઓને પણ તાઢ, તાપ, ભૂખ, તરસ, થાક વગેરે કોઈ પણ રીતે જણાતાં નહોતાં. આપણે થોડા સમાન સ્નેહીઓ વાતો કરતા કરતા રસ્તામાં જતા હોઇએ તો ગાઉના ગાઉ પણ કાપતાં ખબર નથી પડતી. જો લૌકિક બાબતમાં આમ છે તો અલૌકિકમાં તો કહેવુંજ શું? શ્રીમહાપ્રભુજીને ત્રણ ત્રણ વખતની પરિક્રમામાં ઘણી વાર ત્રણ ત્રણ દિવસ સુધી કંઈજ વસ્તુ મળે નહિ. ઘોર જંગલો હોય, ભયાનક પ્રાણીઓ વિચરતાં હોય; પણ એ પ્રભુનાં બાલુડાં પ્રભુને શી રીતે પીડે? ઉલટાં પગે લાગે, તો શ્રીગોકુલેશાસક્ત મોટાભાઇની પણ તેવી દશા થાય તેમાં નવાઈ નથી. પ્રભુમાં અત્યંત આસક્તિ આ વસ્તુનો અનુભવ કરાવે. અલૌકિક બાબતોમાં તર્ક વિતર્ક કાંઇ પણ અનુભવ ન આપે. આવી વાતો હૃદયગમ્ય છે.

આમ લીંસડાપર જ રહેતા મોટાભાઇને છ માસ થયા. પ્રભુના વિપ્રયોગીને નિદ્રા પણ ન હોય, એ વિપ્રયોગ જ તેને સર્વ રીતે પોષે છે; એ વિપ્રયોગની પીડા જ આત્માનો

ખોરાક થઇ પડે છે, ત્યાં ભૂખ તરસ શી ? વળી શ્રીયમુના જળ તે અમૃત છે, તો અમૃત પીતાં ભૂખ તરસ શાની લાગે ? છેવટે છમાસે શ્રીઠાકોરજીએ શ્રીગોકુલનાથજી ઠાકોરજીના મુખીઆજીને મોટાભાઈને લીમડાપરથી તેડી લાવવાની સ્વપ્નમાં આજ્ઞા કરી; આથી તે તેડવા આવ્યો ; પણ મોટાભાઇએ કહ્યું કે પ્રભુ તેડવા આવશે તોજ આ-વીશ. વળી બીજી આજ્ઞા શ્રીઠાકોરજીએ કપડવંજના વતની પરમ ભગવતી બેનજીરાજ યા રતનબાઈને કરી. તેઓ તેડવા ગયાં, પણ ન આવ્યા. છેવટે શ્રીઠાકોરજી પોતે તે-ડવા આવ્યા એટલે તેઓ ગયા અને શરણે થયા. શ્રીગો-કુલેશના સ્વરૂપનો ખુબ અનુભવ લીધો, છ છ માસના ભારી વિપ્રયોગ તપને અંતે પ્રભુ તેવી કૃપા કરે તેમાં નવાઈ નથી. પ્રભુનો સાક્ષાત્કાર એજ પુષ્ટિ ભક્તિ માર્ગનું ફળ છે; અને એ ફળની પ્રાપ્તિ વિપ્રયોગ જ કરાવે એવું ઠેકાણે ઠેકાણે શ્રીમહાપ્રભુજી અને શ્રીહરિરાયજી કહે છે, અને એવા વિપ્રયોગીને જ ફળની પ્રાપ્તિ થાય છે. શ્રીગોકુલેશને અનુભવ સંપૂર્ણપણે હૃદયમાં ધારણ કરી તેઓ શ્રીગો-કુલથી પાછા ફર્યા. પાછા ફરતાં પોતે ઉજ્જન રહ્યા. ત્યાં તેમને ખુબ માન મળ્યું. આ ઉપરથી એમ નથી સમજવાનું કે મોટાઓ માનના ભૂખ્યા હોય છે, પણ મહાન સંતપુરુ-ષોને માન આપવાથી જીવ પોતાની આત્મિક ઉન્નતિ સાધેછે. પછી ઉજ્જનથી તેઓ દાહોદ આવ્યા; અને દાહોદથી ગો-

ધરા આવ્યા. ગોધરામાં આજે પણ તેમનું મંદિર છે. તેમાં મોટાભાઇની પાલખી છે, તેનાં દર્શન વૈષ્ણવોને કરાવવામાં આવે છે.

હવે પુષ્ટિશિક્ષાના સંબંધમાં કંઇક વિચારીએ, આ મહાનુભાવી શ્રીગોકુલેશાસક્ત છતાં મંગળાચરણમાં પ્રથમ શ્રીમહાપ્રભુજીના સેવક ચોરાસી વૈષ્ણવની ચરણ રજની યાચના કરે છે. પછી શ્રીગુસાંઇજીના અનન્ય બસેંબાવનની પ્રસન્નતા ઇચ્છે છે. આ વસ્તુ હાલમાં મોટાભાઇને માનનારાઓએ વિચારવાની છે. **અનન્યતા એ ખોટી હઠ નથી, પણ પ્રભુના વિવિધ અંગોની એકતાનો અનુભવ આપનારો અલૌકિક વિલાસ છે.** વળી આગળ સાતે બાળકોની પણ પ્રાર્થના કરે છે. અને તે સાથે દરેકના ગુણ પણ સ્વાનુભવે આપેછે. સાદી અને પ્રસાદી વાણીસૂત્રો સાથે એટલી રસિક છે કે વાંચતાં હૃદય પ્રભુમાં મગ્ન થઇ જાય.

વળી બીજી વાત એ છે કે મોટાભાઈ આ શિક્ષાની ૭૧મી તુકમાં કહે છે કેઃ—

"વલ્લભકુળદ્વારા પ્રથમ, બ્રહ્મ સંબંધ જો થાય;
મારગની વિધિ જાણવા, હરિજન કરે સહાય ૭૧
એ રીત કરતાં સહજમાં, સદાય બારે માસ;
શરણ મંત્ર રસના રટે, નિશદિન સેવા આશ. ૭૨

શ્રીવલ્લભકુળદ્વારા બ્રહ્મસંબંધ થાય તો જ માર્ગની સિદ્ધિની ખબર પડે. જેઓ આ વાતને ન માનતા હોય

તેઓ મોટાભાઈમા શ્રદ્ધાળુ છે, એવું માનવું એ પણ ભૂલ ભરેલું છે. શ્રીમહાપ્રભુજીને માનનારા શ્રીમહાપ્રભુજીનાં વચનામૃતને પણ તેટલા જ સત્ય માને છે ને અનુભવે છે. આપણે કોઇમાં ખુબ આસકિત બતાવીએ, પણ કહે તે ન માનીએ તો તે આસકિત નથી, પણ એક પ્રકારનો ડોળ છે. વળી વૈષ્ણવનો અપરાધ કરવો મહા અનર્થ કાર્ય તેઓ જાણે છે. પ્રભુનો અપરાધ પ્રભુ સાંખી શકે પણ ભકતનો ન સાંખી શકે. મોટાભાઇ કહે છે કે:—

વૈષ્ણવજન અતિ દોહ્યલા, તું અતિશે ધનવંત;
કૃષ્ણભકત પદવી વિષે, તુજથી મોટા સંત. ૮૨
તેથી ભૂલે ના કરે, વૈષ્ણવનો અપરાધ;
હૈયામાં હરિ દુભવ્યા, જેણે દુભવ્યા સાધ. ૮૩

વળી મોટાભાઈ સેવાને મોટું માહાત્મ્ય આપે છે. ગમે તેટલું જ્ઞાન હોય પણ સેવા વગર તે અનુભવી શકાય નહિ, એ વસ્તુ આમાં સ્પષ્ટ બતાવી છે. મોટાભાઇ ભાવને જ પ્રાધાન્ય આપે છે; સર્વત્ર પ્રેમભાવમાંજ પ્રાધાન્ય આપણા ભકિત માર્ગમાં છે. સાધન બરાબર ન હોય તો પણ સેવાના આગ્રહમાં તારે ઘર ન હોય ને ઝુંપડી હોય તો પણ મોટાભાઈ કહે છે કે:—

ઘર જો નવ હોય મોકળાં, તોઉ ન છાંડે ટહેલ;
એક ગોખલો ઘરતણો, તે પ્રભુ માને મહેલ. ૧૪૫

આપણો ભાવ હોય તો પ્રભુ એક ગોખલાને મહેલ

માને છે. સ્વાદ ભાવમાં છે, વસ્તુમાં નથી. છેવટે મોટાભાઈની હીનતા તો ભાન ભુલાવે તેવી છે.આવા સમર્થ છતાં પોતે તદ્દન અજ્ઞાન બની જાય છે. કહે છે કેઃ—

શ્રીવલ્લભ મારગ તણા, આશય અતિશે ગૂઢ;
પ્રૌઢ ભાવ જેને હશે, તેને હૃદયારૂઢ. ૧૭૧
હું તો છું અતિ મંદમતિ, ભૂલ્યો ભ્રષ્ટાચાર;
પડ્યો પ્રબળ પાખંડમાં, રાચ્યું વિવિધ વિકાર. ૧૭૨
વ્યાપ્યો આસુરા વેશ ચિત્ત, ગ્રહ્યો બહિર્મુખ દોષ;
ભૂલ્યો અને ભમ્યો ફરૂં, લેશ ન મન સંતોષ. ૧૭૩
આત્મદૃષ્ટિ ઉત્પન્ન નહિ, વાચાદિક અભિમાન;
ભક્તિ ભાવ રસ ભેદમાં, નથી શુદ્ધિ ને સાન. ૧૭૪
મૂળમંત્ર ગાથા કરૂં, ન લહ્યો તત્ત્વ વિચાર;
જ્ઞાન વિના ગાથા કરૂં, એ અવિહિત વ્યવહાર. ૧૭૫
પણ શ્રીવલ્લભચરણનું, બળ મોટું મનમાંય;
તે સઘ પુરે કામના, કલ્પવૃક્ષની છાંય. ૧૭૬
દયા કરી મુજ દીનપર, જેવું પ્રેર્યું ચિત્ત;
પોતાના મનને કર્યું, શિક્ષાનું સાહિત્ય. ૧૭૭
ફાટીતુટી બુદ્ધિથી, જુઠે સાચે ભાવ;
મેં કાલાવાલા કર્યા, હરિને હાથ નિભાવ. ૧૭૮

છેવટે વૈષ્ણવોને અંદર ભૂલ હોય તો સુધારીને વાંચવાની વિનતિ કરવાનું પણ મોટાભાઈ ચુકતા નથી. છેક છેલ્લી તુકમાં કહે છે કેઃ—

મેં ઓછે ઓછી મતિ, મોટો કર્યો વિચાર;
પરિપૂર્ણ વૈષ્ણવ કરે, તે જાણો નિર્ધાર. ૧૮૦

આમ મોટા રજથીએ છોટા પોતાને ગણે છે. જ્યારે આપણામાં સ્નેહનો છાંટો ન છતાં મોટાં પ્રેમી હોવાનો ડોળ કરીએ છીએ. જીવપર પ્રભુની દયા થાય તો જ દીનતા આવે. મોટાભાઇમાં તો તે પદે પદે જણાય છે. કેવી પ્રસાદી વાણી! થોડામાંજ માર્ગનું રહસ્ય સમજાવવાની કેવી અદ્‌ભુત અને અલૌકિક શકિત ! એ બધું જોતાં આપણને અત્યંત આનંદ સાથે સંપ્રદાયના તત્વ સમજાય છે.

શ્રીકન્હૈયાપ્રભુનાં પદોમાં તો હું શું બોલી શકું ? એકે એક પદ નિર્મેલિનગ છે. આ પદો શ્રીકન્હૈયાપ્રભુ ભોંયરામાં વિપ્રયોગ દશામાં ગાય છે, ને તેથી શ્રીમહાપ્રભુજી દર્શન દઈ અનુભવ આપે છે. એક પદમાં તે પણ સ્પષ્ટ છે. મારા સ્પષ્ટ કહેવા કરતાં ભગવદીઓ જાતેજ તે પદમાં-થી જાણી લે તે વધારે સારૂં છે. આ પદ મેં ત્રણ જુદી જુદી કોપીઓમાંથી શોધ્યાં છે.

છેવટે શ્રીગોકુલેશ સ્વરૂપ શ્રીકન્હૈયાપ્રભુના સ્થાનને શોભાવનાર મારા શ્રીગુરૂદેવને અનંતવાર સાષ્ટાંગ કરી આ પુસ્તક આપશ્રીના ચરણ કમળમાં ધરી આ પ્રસ્તાવના બંધ કરૂં છું.

પોષ સુદ ૧ મંગળવાર }
૧૯૮૨. } દીનકિંકર.

શ્રીમદ્ ગોસ્વામીશ્રી ૧૦૮ કન્હૈયાલાલજી કૃત
દીનતા અને આશ્રયનાં પદ
તથા
મહાનુભાવી મોટાભાઇ કૃત
પુષ્ટિશિક્ષા

બિહાગ

પદ ૧

શ્રીવલ્લભ કરત કૃપા એક ક્ષણમેં; અપને જનકી લાજ રાખત હે, દૃઢ વ્રતકર નિજ મનમેં—શ્રીવલ્લભ૦ જગત તુચ્છ કરી–માનત હોં, મેં ઈનકી કૃપાત ત્રણમેં, શ્રીગોકુલેશ રસદાન દેત હેં, નરનારી કે ગણમેં—શ્રીવલ્લભ. ૧

પદ ૨

શ્રીવલ્લભ ચાહે સોઇ કરે એક પલમેં, જેસેં તંતુ સુતકો કહીયે ગજી ઓર મખમલમેં ૧ વ્યાપ રહે સબ જનકે માંહી, પશુ પંછી જલ થલમેં, મહા રસદાન કૃપા કરવેકો પ્રગટે હે યા કલીમેં ૨ તુલસી માલ અધિક પ્રિય લાગત, રહત અહનિંશ ગલેમેં, નિડર રહત હે આપકે ભરોંસે, ઓર ન કાહુકે બલમેં, શ્રી વિઠ્ઠલ પ્રભુકી એહી વિનંતિ રાખો ચરણ કમલમેં—શ્રીવલ્લભ૦ ૩ (૨)

પદ ૩

કિયો તો શ્રીવલ્લભ હીકો હોઈ, ઓર કોન હેં યા જગમાંહી, દોસ્ત નાહીંન સોઇ. ૧ ગોકુલપતિકો પ્રતાપ

જગમેં જેસે અગ્નિકી લોઇ, સ્મરણ ભજન કરો નિત પ્રતિહી, નમો પદામ્બુજ દોઇ. ૨. અન્ય રૂચે નહિં મોંકો સ્વપ્ને, ઇનકો શ્રીમુખ જોઇ, શ્રીવિઠ્ઠલ વલ્લભ રૂપ હૃદયે ધરી, નિશ્વરક રહીયે સોઇ. કિયો૦ ૩.

પદ ૪

શ્રીવલ્લભ તુમસો ઓર ન જગમેં, રાખ્ખો ધર્મ આ પૃથ્વી તળમેં, વ્યાપી રહે હો સબમેં ૧ શ્રીવિઠ્ઠલ પ્રભુસેં યહી વિનંતિ, રહુ આપકી ઉમંગમેં, ઓર કાચકી પોત સમ દીસત, આપ અમોલક જગમે—શ્રીવલ્લભ. ૨.

પદ ૫

શ્રીવલ્લભ પ્રકટ ભયે ભૂતળમેં, ધર્મ લાજ સબહીનકી રાખી, સો યા પૃથ્વી તળમેં. ૧ કામ ગંભીર ધીર રતિ રણમેં, વ્રજ જન હીકે દળમેં, શ્રી ગોકુલપતિ તો કૃપાહી કરત હેં; શુદ્ધ ભજે ચાહે છલમેં. શ્રીવલ્લભ૦ ૨.

પદ ૬

હમારે શ્રીગોકુલનાથ ધણી, દીનદયાળ કૃપા કે સાગર, ત્રિભુવન મુકટમણિ ૧ બ્રહ્માદિક કછુ પાર ન પાવત, શેષહુ સહસ્ત્ર ફણી, શ્રીવિઠ્ઠલ કે પ્રભુ દૃઢ કર પકરત રાખ્યાં શરણ અપની. હમારે૦ ૨.

પદ ૭

ગોકુલમેં શ્રીગોકુલનાથ બિરાજે, હાસ્યવિનોદ રસ દાન કરત નિત્ય, ભકતજનકે કાજે. ૧ શ્રીમોહક ચિત્રત

અતિ સુંદર, ગાદી તકીયાપેં રાજે, શ્રીવિઠ્ઠલેશકે અંગ અંગકી શોભા, કોટિ મદન છબી લાજે. ગોકુલમેં૦ ૨.

પદ ૮

હમતો શ્રીગોકુલનાથ ઉપાસી—હમતો શ્રી૦ જમુના-જળ નિત્ય પાન કરે ઉઠી, મુખ નીરખ સુખરાશિ. ૧. ગયા પ્રયાગ કછુ કામ નહીં હે, નહીં કામ હે કાશી, સદા સેવું શ્રીવલ્લભ વલ્લભ, કહા કરૂં જાય ઝાંશી. ૨ ઔર ઠેકાણે મન નહિં લાગત, હમ ગોકુળ કે વાસી, ઉનકે ચરણે હે સબ તીરથ, જગન્નાથ ઓર કાશી. ૩ બ્રહ્મસંબંધ ભયો જબહીતે, તબહીતે જીય ભાસી, શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ગો-કુલેશકે, ચરણકમળકી દાસી. હમતો૦ ૪.

પદ ૯

અબ હોં નાચ્યો વલ્લભલાલ—અબ૦ અખિલ ધર્મકો પહેર ચોલના કંઠમેં તુલસીમાલ. ૧. કૃપા દૃષ્ટિકો ફેંટા બાંધ્યો, દંડાકાર હે ભાલ; અનન્યતાકે નુપુર બાંધે, જે જે શબ્દ રસાલ ૨. દયા પખાવજ બજત સંગમેં દાન સા-રંગી રસાળ, સરસ પ્રેમ કે બજત મંજીરા, કરી પ્રીતિકી તાલ—૩. બ્રહ્મસંબંધકો ગાન કીયોમેં, અષ્ટ છાપકી ધમાલ, શ્રીવિઠ્ઠલેશ પ્રભુ ગોકુલેશવર દેખો પરમ દયાલ. અબ૦ ૪.

પદ ૧૦

ગોકુલેશ ગુણ ગાઉં નિશદિના—ગોકુલેશ૦ સમરણ ભજન કરૂં પ્રભુ તુમારો, સકલ પદારથ પાઉં. ૧. નિત પ્રતિ

માગી યહ મોઇ દીજે, સેવામેં ઉઠી ધાઉં, ધોળગાન સુખ કરૂં આપકે, અનત ચિત્ત ન ભટકાઉં. ૨. ગાગર નિત્ય જળ પાન કરનકો, શ્રીજમુનાંજીસો લાઉં, દીજે મોઈ કૃપા કર ઇતનો, ચટાઈકો સાજ બિછાઉં. ૩. સેજ સમારૂં પરમ વિધિ રૂચિસેં, ગાદી તકીયા લાઉં, વિઠ્ઠલકે પ્રભુ સર્વસ્વ દીજે, તનકી તપત બુઝાઉં. નિશદિના૦ ૪.

પદ ૧૧

શ્રીગોકુલેશજીકો હિ ભારી ભરૂસો—શ્રીગોકુલેશ-કૃપા કરત રસ પાત્ર જાનકે, જો જેસો અધિકારી. ૧. સદા રહત વક્ષઃસ્થળ ઉપર તુલસીમાલ અતિ પ્યારી, તિલક ભાલ નિરખત મન આનંદ, દંડાકાર નિહાળી. ૨ નિશદિન ભજો નિરંતર પ્રભુકો, ચરણકમળ બલિહારી, વિઠ્ઠલેશકે હીયે બસો નિરંતર, ગોકુલેશ ગિરિધારી. ૩.

પદ ૧૨

ગોકુલનાથ પુકારૂં નિશદિન ગોકુલનાથ પુકારૂં. હાહા કૃપાનાથ સુનો અબ મેરી, તનમન ધન સબ વ રૂ. ૧. અબકી બેર ઉબારો મહાપ્રભુ, સર્વસ્વ વારી ડારૂં, કામ ક્રોધ મદ લોભ મોહ સબ કૃપા કરો તો મારૂં. ૨ વિઠ્ઠલકે પ્રભુ વેગી બુલાવો, શ્રીસુખકમળ નિહાળું. ૩.

પદ ૧૩

અબ મેરી ગોકુલેશ સુનલીજે–વિપ્રયોગમેં બહુ દિન બીતે, સંજોગ રસ મોઈ દીજે. ૧. પાસ બુલાય નિકટ મોઇ રાખી,

અન ભાવે સોઇ કીજે, વિઠ્ઠલ ઉપર દયા કરો પ્રભુ તુમકો લાજ પતિજે. ૨.

પદ ૧૪

તુમબીન કોન સહાય મહાપ્રભુ—ગોકુલનાથ દીન કે બંધુ; સુનો મેરી ચિત્તલાય ૧ દરસન આપ વિના પ્રભુ મેરો, હીરદે[1] રહેત ભરાય, વાસર મોઇ કોટિ જુગ વીતત, રાતી કલ્પ સમ જાય ૨ રસનિધાન આનંદકંદ હો, દરસન દેહું બુલાય, શ્રીવિઠ્ઠલ પ્રભુ કરત વિનતિ, વિપ્રયોગ ન સોંહાય. ૩

પદ ૧૫

હમારે શ્રી ગોકુલનાથ સહાઇ—લાજ ધર્મ સબ રાખ્યો ઇનને લીલા પ્રગટ દીખાઇ ૧. વિપ્રયોગમેં ખબર જુ લીની, જો મેરે મન ભાઇ, દે બીડા જુ પ્રાસાદી ચંદન તુલસી માલ પઠાઈ ૨. તતક્ષણ તાપ મીટયો મેરે મનકો, સુમરત વલ્લભ રાઈ: વિઠ્ઠલ પ્રભુ અબ કહા વિલંબ હે. દરસન દેઉં બુલાઈ ૩.

પદ ૧૬

ફુલ[2] ચિત જાય મન અધિક મેરો—રહું મેં નિકટ શ્રીગોકુલાધીશ કે, સુખદ શીતળ કમળચરણ ચેરો ૧. અન્ય સંબંધ મોકુ રૂચત નાહીં, આપકો દાસ ગોકુલ બસું રે, કામ મદ ક્રોધ લોભ મોહ મત્સર, ઈતનો નિરખ મુખચંદ્ર મિટી ગયો ઉર ઝેરો ૨. જોરી કર દોઉં માગત હોં, ગોકુલપતિ આપકી ટહુલમેં મન મેરો; કહત વિઠ્ઠલ અનાથ કે નાથ હો રાખો મોઇ સાથ સનમુખ જુવેરો ૩

---

૧ હૃદય ૨ પ્રફુલ્લિત થાય.

પદ ૧૭

વલ્લભ સુનો હમારી વિનતિ હમતો દાસ તિહારે હે, અતિ હી નિકટ સમીપકે સન્મુખ પાસ તિહારે હે ૧. આપ વિના નહીં કોઉ મેરો પ્રાણવત ધારે હે, ઇતની ઓર કૃપા અબ કીજે શ્રીમુખ નીહારે હે, વલ્લભ વિઠ્ઠલ કે હૃદયમેં વસો ગોકુલપતિ પ્યારે હે ૨.

પદ ૧૮

તુમ બીન ઓર ન કોઇ શ્રીવલ્લભ-તુમારી કૃપાતેં એક-હી ક્ષણમેં સિદ્ધ મનોરથ હોઇ ૧. ઇચ્છા બિના પાન નહીં હાલે, કરો આપ હોયે સોઇ, વિઠ્ઠલ કેમ ન દૃઢ ગ્રહ આઇ, રાખોં ચરણ સમોઇ. ૨.

પદ ૧૯

જો કોઇ શ્રીવલ્લભ રસ ચાખે, અનન્યતાકે લક્ષણ યેહે, કાહુ સો નહિં ભાખે ૧. ગુપ્ત પદારથ ગૂઢ ગ્રંથ સુની અપને મન મેં રાખે, શ્રીવિઠ્ઠલપ્રભુ દૃઢ મનં કરી કે, જગત વારણે નાખે. ૨.

પદ ૨૦

વલ્લભલાલ કરો સોઇ આછી અપને જનપર કૃપા કરતહે પ્રભુ જીવકી બુદ્ધિ કાચી ૧ જો ઇનકો દૃઢ કર પકરતહે તાકી બુદ્ધિ ફીરે પાછી, વિઠ્ઠલ કહે ગોકુલપતિમેં લગ્ન હોઇ જો સાચી. ૨

પદ ૨૧

મિલવો વલ્લભહીકો નીકો—ચાકો રસ મોઈ અધિક સ્વાદ લગે, ઓર જગત સબ ફીકો ૧. ઇનકી ચરણ કમળકી રજતેં, મિટત તાપ સબ જીવકો શ્રીવિઠ્ઠલ પ્રભુ ભજો નિરંતર ગોકુલપતિ સબહીકો. ૨.

પદ ૨૨

નિશદિન ગોકુલેશકો માનો, ઇનકી કૃપા અહર્નિશ મોપેં જગત તુચ્છ કરી જાનો ૧. ઈનકે રસ વચનામૃત જો જે દઢ મનમેં કરી ઠાનો, વિઠ્ઠલકે પ્રભુ શ્રીગોકુલપતિ પ્રેમ પ્રીતકી બાનો. ૨.

પદ ૨૩

શ્રીગોકુલનાથ ભકતનકો પોખે[1] દાન દયા નિત અપને જનપેં, તાતે રહત સંતોખે ૧. શ્રીમુખ વચન ભગવદીજનને લીખ લીએ બાવનદોસે, શ્રીવિઠ્ઠલપ્રભુ નિડર રહત હેં એક જુ આપ ભરોસેં. ૨.

પદ ૨૪

હમારે શ્રી ગોકુલનાથ ધણી, ઇનહી છાંડ જો ઓર ચાહત, વૃથા જન્યો જનની ૧. કરીએ નહીં જુઠકો સંગ્રહ ગ્રહીએ ગ્રંથ ભણી, સ્વરૂપ રસાવલીગ્રંથ અમોલક જો અનમોલ મણિ. ૨. વિઠ્ઠલ કહે યહ શ્રીમુખ નીરખો રહીએ રસ હીસની, ગોકુલપતિ નિધનીકો ધન હે, કહત હે વેદ ધ્વનિ ૩. યહ રસ રૂપ ધ્યાન ધરી હીરદે અમૃત ઓટની ૪.

૧ પોષે.

पद २५.

हमारे श्रीगोकुलेश निज ठोर, पार्वती[1]वर श्री–गोकुळपति, जहां रसिक शिर मोर १. ईनके चरणकमल तें छुटत, मनकी दोडादोड, श्रीविट्ठलजी रसिक बतायो वल्लभ, कहा कहुं अब ओर. २.

पद २६.

निशदिन वल्लभ वल्लभ करीओ, मनप्रबोधको नित्य नेमसुं, करत पाठ अनुसरीये १. नित्य चरित्रके पोथी वांचके, भाव हरदेमें धरीओ, विट्ठलके प्रभु गोकुळपति के, नित्य उठ पाये पडीओ. २.

पद २७.

हमारे श्रीगोकुलेश वर रुडो, श्याम सचीकण केश सुशोभित शीश ओठमा जुडो १. पहेर्यो हे मन द्रढ करके, अचळ सुहागको चुडो. विट्ठल कहे यह स्वरूप अलौकिक, ज्ञानग्रंथको गुढो. २.

पद २८.

मनमें निश्चे भई श्रीगोकुलपति, अबतो मनमें

१ पार्वती=श्रीगोवर्धन पर्वतपर प्रभुनी शोधमां फरनारी विरहिणी श्यामा. बीजो अर्थ श्रीगिरिराजजी पर रहेनारां पुलिंदीजी के जेनो अंगीकार श्रीगिरिराजजीनी कृपाथी प्रभुए लीलामां कर्यो छे. अहिं पार्वती मां ए शंकरनां पत्नी उमा नहि समजवां. एमनो अहिं शो संबंध ?

નિશ્ચે ભઈ, શ્રીગોકુલપતિ નિજ જાન કૃપાળુ કીની મન ચિંતા હરી લઈ. ૧. ગ્રંથ દુગ્ધવત ભાવ દધિવત તામેં મન મેરૈ રઈ; કૃપા કટાક્ષ અવલોકી વિલોકત દરશન પ્રથમ મહી. ૨. વિરહ રૂપ જળતત્ત્વ ભર્યો નવનિત મિલન હિતકારી, ભગવદીયનકી ભાવ ભાવના તાકો પાર નહિં, વિઠ્ઠલકે શ્રીગોકુલપતિને દૃઢ કરી બાંહ્ય ગ્રહી. ૩.

પદ ૨૯.

શ્રીગોકુલેશ અલબેલો, હમારે। શ્રીગોકુલેશ અલબેલો: શરદ પુનમનો સુધાકર કહીએ મુજ મન રંગરસિલો ૧. લટપટી પાઘ અટપટી બાંધી તુરા અજબ જુકેલો, વિઠ્ઠલકે પ્રભુ કોટિ કામ છબી, રસ વૃષ્ટિ રંગરેલો. ૨.

પદ ૩૦.

શ્રીગોકુલપતિકે પ્યારે, આયે મેરે શ્રીગોકુલપતિ કે પ્યારે. પરમ મનોહર સુંદર દીસત મસ્તક દંડાકારે ૧. ટેક વિવેક અનન્યતા કરીયે, તુલસી માળ ગળે ધારે, ઔર નહિં મુખસું સંભાષણ, શ્રીવલ્લભ નામ ઉચ્ચારે ૨. હૃદય કમલમેં સ્વત: નિરંતર ગોકુલેશ ચિત્ત ધારે, વિઠ્ઠલકે પ્રભુ ગોકુલેશવર જીવન પ્રાણ હમારે. ૩.

પદ ૩૧.

અબતો બહુત ભઈ હે નાથ, સનમુખ તુળસી દલ દે મોકો દઢ કર પકરે હાથ ૧. ક્ષમા કરો આ અપરાધ

હમારો, નિશદિન રાખો સાથ, વિઠ્ઠલ ઉપર દયા કરો પ્રભુ હું અનાથકે નાથ. ૨.

પદ ૩૨.

અબ વશ નાહીન નાથ રહ્યો, વિપ્રયોગ છુટાઈ હો કબ નાહીન જાત સહ્યો ૧. આપ ઈચ્છા પ્રબલ જાની પ્રેમ નાથ સહ્યો, શ્રીવિઠ્ઠલેશકે શ્રીગિરિધર પ્યારો પ્રભુ તુમ પકરી બાંહ્ય ગ્રહયો. ૨.

પદ ૩૩.

તુમતો અખિલ લોકકે સ્વામી, દીનબંધુ ભકતન મનરંજન આપહી ગરૂડાગામી ૧. પુષ્ટિભકિત ઔર, નવધા ભકિત નિજજન સેવક પામી, શ્રીવિઠ્ઠલેશકી અબ જૂઠ વિનતિ મનકી જાનત અંતરયામી. ૨.

પદ ૩૪.

અબ કીતનીહે દેર, પ્રભુજી અબ કીતનીહે દેર. અબ તન મન ધન સબતો નિર્બળ કયોં કર રાખી એર ૧. ક્ષમા કરો અપરાધ દાસકે જો કછુ અબકી એર, દીનહીન મોહે જાન ગોકુલપતિ સુનીયે મેરો ટેર ૨. વિઠ્ઠલ ઉપર કરૂણા કીજે માયા દેઉ નિવેર. ૩.

ઇતિશ્રી શ્રીમદ્ ગૌસ્વામિ શ્રી ૧૦૮ શ્રી વિઠ્ઠલેશરાયજી (શ્રીકન્હૈયાલાલજી) મહારાજકૃત દીનતા અને આશ્રયનાં પદ ૩૪ સંપૂર્ણ.

અથ પુષ્ટિમાર્ગીય શિક્ષા

(મોટાભાઇ કૃત)

દોહા

શ્રીવલ્લભના ચરણની, રજતણા જે દાસ; પદરજ વંદુ તેહની, મન ક્રમ[1] દ્દઢ વિશ્વાસ ૧. શ્રીમદ્વિઠ્ઠલ પ્રભુ તણા, કૃપાપાત્ર જે જન્ન; તે વાંછા મુજ દીનપર, રહેજો સદા પ્રસન્ન ૨. શ્રીમદ્વલ્લભ કલ્પતરૂ ફલિત જે જગનીમાંય; મારા શિરપર ઝુકી રહો, તે તરુવરની છાંય ૩. જેના શરણે ઉપજે, પ્રેમલક્ષણા ભક્તિ; પ્રકટે શ્રીકૃષ્ણ સ્વરૂપમાં, સેવાની આસક્તિ ૪. રે મન જ્યારે કલિ વિષે, પ્રસર્યો બહુ પાખંડ; અસુર અવિદ્યા બલ થકી, ધર્મ થયા શતખંડ ૫. નાના[2] મતની તાણમાં, રહ્યો ન તત્ત્વ વિચાર; પંડિત પડ્યા વિવાદમાં, કોણ કરે નિર્ધાર ૬. પ્રેમલક્ષણા ભકિત જે, કેવળ પુષ્ટિ પ્રકાર; તિરોધાન પામ્યા સકલ, શુદ્ર થયા નરનાર ૭. શ્રીપ્રભુની આજ્ઞા થકી, કરવા કાજ અનુપ; ત્યારે પોતે શ્રીકૃષ્ણજી, થયા શ્રીવલ્લભરૂપ ૮. પ્રૌઢ પ્રતાપે પ્રગટિયા, જેનાં ગૂઢ વિચાર, કીધો દૈવી સૃષ્ટિપર, મહામોટો ઉપકાર ૯. નિરાકાર પાખંડ મત, ખંડન માયાવાદ; પુષ્ટિ પથ સાકારનો, પ્રકટ કર્યો પ્રતિપાદ ૧૦. શ્રુતિ સ્મૃતિની સંમતિ, બાંધ્યા પ્રબલ પ્રબંધ; જે મતને નહિ કરી શકે, બીજા મત પ્રતિબંધ ૧૧. માર્ગતણો સિદ્ધાંત જે, પુરુષોત્તમની ભક્તિ;

તે પણ પાખંડે રહિત, પોષી પ્રેમ આસક્તિ ૧૨. જે સ્વરૂપ સેવા વિષે, અતિ આદર બહુ ભાવ; નિજજનનો સેવા વિષે, અતિશે કર્યો દઢાવ ૧૩. શરણાંગત જે જન થયા, હિત કરી પામ્યા પાર; સેવા અધિકારી કર્યા સકલ શૂદ્ર નરનાર ૧૪. પુરુષોત્તમ અવતાર છે, શ્રીમદ્ વિઠ્ઠલનાથ; પુષ્ટિભક્તિનું દાન છે, શ્રીવલ્લભસુતને હાથ ૧૫ ગુઢભાવ જે ભક્તિના, સેવા વિવિધ વિલાસ, પોતે પોતાની કરી, શીખવ્યા જે નિજ દાસ ૧૬. પહેલાં સાધન બહુ હતાં, જ્ઞાનમાર્ગ તપયોગ; કર્તા સર્વ સકામ મતિ, સુખ સંપતિ ઉપયોગ ૧૭. ફલશ્રુતિના કહ્યા થકી, બાંધ્યા કોટિક કામ; કહ્યા કર્મ કરતા નહિ, નિરપેક્ષ નિષ્કામ ૧૮. જ્યારે દૈવી સૃષ્ટિમાં, વ્યાપ્યો આસુરાવેશ; જીવ બહિર્મુખને કર્યો, ભક્તિતણો ઉપદેશ ૧૯. દૃઢ કરી પોષી સર્વ ચિત્ત, પ્રેમપુષ્ટિની રીતિ; પ્રભુના સેવ્ય સ્વરૂપમાં પુરુષોત્તમ પ્રતીતિ ૨૦. અન્યાશ્રય અળગા કર્યા, વાર્યા જીવ સકામ; સકલ ક્રિયા નિષ્કામ મતિ, કૃષ્ણચરણ વિશ્રામ ૨૧. સુત શ્રીવિઠ્ઠલનાથના, સાત ભક્તિ વિખ્યાત; જેને પોષ્યા ભૂવિષે, પ્રબલ પંથ નિજ તાત ૨૨. શ્રીગિરિધર ગિરિધર પ્રિયે, ગુણનિધિ શ્રીગોવિંદ; શ્રીબાલકૃષ્ણ સુખ ચંદ્રમા, શ્રીગોકુલેશ જગવંદ ૨૩. શ્રીરઘુનાથ અગાધ અતિ, સમરથ શ્રીયદુનાથ; શ્રીઘનશ્યામ પ્રતાપથી, નિજજન કર્યા સનાથ ૨૪. કુળ સુકુળ શ્રીવલ્લભ તણો, જાણો કારણ રૂપ; પુષ્ટિમાર્ગ દઢ રાખવા પ્રગટ્યા સુભગ

સ્વરૂપ ૨૫. ભેદ શ્રીગુરુ ગોવિંદમાં, લેશ ન ધરવો ચિત્ત; ગુરુથી ગોવિંદ પામિયે, તે સમજો શુભહિત ૨૬. ગુરુ પણ એવો ગોતવો, જેની અંતરદૃષ્ટિ; ભ્રષ્ટ ગુરુ જો હોય તો, બોળે સઘળી સૃષ્ટિ ૨૭. ગુરુ શ્રીવલ્લભ સમ નહિં, કરે જો કોટિ ઉપાય; પુરુષોત્તમ વશ થયે જો, શ્રીવલ્લભ હોય સહાય ૨૮. મારૂં મન વલ્લભ વિના, રહે ન કોઇ ઠામ; જે વલ્લભ સન્મુખ થયા, તેને કોનું કામ ૨૯. સાંભળ મન શ્રદ્ધા સહિત, વલ્લભ મત ઉપદેશ; શ્રીગુરુપદ સેવા થકી, થાય હૃદય આવેશ ૩૦. મૂળ ગ્રંથ જે ભકિતના, તે છે અપર પાર; ભકિત ભાવ રસ ભેદના, તેમાં છે વિસ્તાર ૩૧. તેમાંથી ઉપરછલે, મેં જાણ્યા જે ભાવ; જેમ જેમ બુદ્ધિ સંચરે, તેમ તેમ કરે પ્રભાવ ૩૨. જગમાં સાધન છે ઘણાં, પૂજા ધર્મ અનેક; પ્રથક્ દેવ આરાધના, નાના[3] યુકિત વિવેક ૩૩. કોઇ કહે મોટા વિષ્ણુ છે, કોઇ બ્રહ્મા શિવ શકિત; મત્સ્યાદિક અવતારમાં, કોને અતિ આસકિત ૩૪. મૂળ મંત્ર જાણ્યા વિના. એવો કરે વિચાર; પૂરણતા છે કૃષ્ણમાં, તેની સુધ ન લગાર ૩૫. કહે કોઇ જન ભકિત જે, તે પણ બીજીભાંતિ;[4] નામ રૂપ ગુણ ભેદ બહુ, જેથી ટળે ન ભ્રાંતિ ૩૬. વેદ પુરાણે જે કહી, ભક્તિ કેરી શકિત; તે તો પડી પ્રવાહમાં, જ્યાં નહિ લેશ આસકિત ૩૭. ભક્તિક્રિયા બહુ ભાંતિની,[5] જેના ભિન્ન વિચાર; મૂળમંત્ર જાણ્યા વિના, પ્રકટે રતિ[6] ન લગાર ૩૮. આસક્તિ નહિ સ્વરૂપમાં, નહિ વ્રજ-

જનના ભાવ; લીલા અનુસંધાન નહિં, સેવે સલિલ સ્વભાવ ૩૯. પહેલું પગલું ભકિતનું, હરિ સ્વરૂપને જાણુ; અંતર હેત કેમ ઉપજે, વિના જાણુ પહિચાણુ ૪૦. અથ પ્રશ્ન:— શ્રીહરિને કેમ જાણીએ, જાણ્યાની શી પેર; ઓળખીએ અલગા હરિ, તે સમજાઓ ઘેર[૭] ૪૧. અથ ઉત્તર:—જો પૂછો આદર થકી, મૂળ કહું વૃત્તાંત; નિસ્સાધન આ માર્ગના, અચલ રસિક સિદ્ધાંત ૪૨. નિગમાગમનું તત્ત્વ છે, સારતણો છે સાર; નિશ્ચય સકળ નિર્ણય તણો, અતિશય ગૂઢ વિચાર ૪૩. મોટા છે જે દેવતા, બ્રહ્મા વિષ્ણુ મહેશ; શક્તિ સૂરજ ગણપતિ, બીજા સકલ સુરેશ ૪૪. એ છે રજ તમ સત્ત્વથી, વળી જે હરિ અવતાર; અંશકલા આવેશ તે, મત્સ્યાદિક નિર્ધાર ૪૫. એ વિભૂતિ સૌ કૃષ્ણની, જે છે પૂરણ બ્રહ્મ; કર્તા સઘળી સૃષ્ટિનો, જેને સમ ન વિભ્રમ ૪૬. પુરુષોત્તમ સાકાર પ્રભુ, શ્રીવલ્લભ આરાધ્ય; પ્રેમભક્તિથી પામીએ, તે નહિં સાધન સાધ્ય ૪૭ સકળદેવના દેવ શ્રીકૃષ્ણ યશોદાનંદ; વેદ નેતિ જેને કહે, પૂરણ પરમાનંદ ૪૮. એવા પુરુષોત્તમ તણાં, પ્રાકટ્ય થયાં વ્રજમાંય; લીલા ઉપયોગી સકલ, દિવ્ય પદાર્થ ત્યાંય ૪૯. ગોપી ગોપને ગૌ સુત, કાલિંદી ગિરિરાજ; સર્વ અલૌકિક સરસ તે, વ્રજપતિ લીલા કાજ ૫૦. રસિકની શ્રી વૃષભાનુજા, રસિક શ્રીનંદકુમાર; અપરમિત રસ રૂપ છે, વ્રજનો સકલ વિહાર ૫૧. તે જાણે શું જાણવું, તેનો કહું વિશેષ; તિરોધાન નહિં જાણવું, એ લીલાનો લેશ ૫૨.

શ્રીવ્રજની લીલા નિત્ય છે, નિત્ય છે લલિત વિલાસ; વ્રજ-જન રાધાકૃષ્ણનો, અવિચલ વ્રજમાં વાસ ૫૩. નિત્ય ય-શોમતિ વાત્સલ્યતા, નિત્ય હરિ બાળ વિનોદ; નિત્ય વિહાર વિધ વિધ રમણ, વ્રજજન મન આમોદ ૫૪. નિત વ્રજ-વધુના ભાવથી, ચોરી માખણ ખાય; નિત વાંસલી વગાડતાં, વન વન ચારે ગાય ૫૫. નિત્ય વૃંદાવન રાસ નિત્ય, નાના વિધ શૃંગાર; વ્રજવનિતાના વૃંદમાં, નિત્ય પ્રતિ વિવિધ વિહાર ૫૬. નિત્ય અખંડ લીલા તણો, દર્શનના અધિકાર; હરિજનને ત્યાં આપશે, તે જાણો નિર્ધાર ૫૭. અવર આ-સુરી જીવને, નથી જાણવા યોગ; કોણે દીઠો સાંભળ્યો સુધા શ્વાનને ભોગ ૫૮. પ્રબળ પ્રીતિ દિનદિન અધિક, એમ જે જોડે પ્રાણ; લોકવેદ મર્યાદનું, છુટે અનુ-સંધાન ૫૯. એવા પ્રભુની ભક્તિમાં, અધિકારી વ્રજ-જન; હરિચરણે સોંપી રહ્યાં, જે તન મન ને ધન ૬૦. દેહ-દશા ભૂલી ગયાં, પતિ સુત ગૃહકુલ લાજ: અનુરાગે એવાં થયાં, એને કોનું કાજ ૬૧. કહ્યાં કૃષ્ણ સેવાતણાં, કૃત સઘળાં હરિ હેત; પ્રેમ પચ્યાં છાકયાં છલ્યાં, ભક્તિ સિંધુના સેત ૬૨. વિહ્વલ થયાં વિકલ થયાં, તે થયાં મન વચકાય; પ્રેમ વિહ્વલ તે બહુ થયાં, વશ કીધા વ્રજરાય ૬૩. કોટિક કોટિક ભાવના, વ્રજવનિતાનાં વૃંદ; કેલિ કલા રસ રીતથી, સેવ્યા ગોકુલચંદ ૬૪. કુંજ ભવન રમણિક સ્થલ નાના કેલિ વિહાર; જે જે વિધિ શૃંગાર રસ, સેવે તેહ

પ્રકાર ૬૫. કોટિ ચાતુરીઆતુરી, માધુરી રસની રેલ; એ રીતે નિજ વિસ્તરી, પુષ્ટિભક્તિની વેલ ૬૬. જે જે વ્રજ-જનની ક્રિયા, તેજ ભક્તિનું મૂળ; એવી હરિ સેવા કરી, કૃષ્ણ કર્યા અનુકુળ ૬૭. વળી પણ એવીજ રીતથી, થશે ભક્તિ ઉત્પન્ન; હશે શ્રીવલ્લભ પ્રભુ તણા, કૃપાપાત્ર જે જન ૬૮. બીજા એ ફળ પામવા, કરે જો કોટિ ઉપાય; શ્રીવલ્લભ શરણે વિના, કેમે સિદ્ધ નહિ થાય ૬૯. એજ મારગ છે ભક્તિમાં, ગ્રંથ ભક્તિના અંગ; શ્રવણ કથન કીર્તન પઠન, હરિસેવા સત્સંગ ૭૦. વલ્લભ કુળદ્વારા પ્રથમ, બ્રહ્મસંબંધ જો થાય; મારગની વિધિ જાણવા, હરિજન કરે સહાય ૭૧. એ રીત કરતાં સહજમાં, સદાય બારે માસ; શરણ મંત્ર રસના રટે, નિશદિન સેવા આશ ૭૨. ચિત્ત અનન્યતા હરિ વિષે, પાળે પતિવ્રત ધર્મ; અન્ય દેવને આશરે, ભમી ન ભૂલે મર્મ ૭૩. એક ભરોસો એક બળ, એક આશરો આશ; વલ્લભને ચરણે રતિ, શ્રીહરિ દૃઢ વિશ્વાસ ૭૪. પ્રીતિ અલૌકિક કર્મથી, નહિ લૌકિકનો લેશ; નિરપેક્ષ નિષ્કામ બુદ્ધિથી, નિશદિન ભજે વ્રજેશ ૭૫. તુળસીની માળા ધરે, મુદ્રામુદ્રિત અંગ; સ્વચ્છ વસ્ત્ર સુધે મને, કશો ન વિક્રમ ઢંગ ૭૬. મતવૈષ્ણવ-ની કૃતિ કરે, એકાદશી પ્રભૃતિ; વળી પણ જે જે કૃતિ કરે, મારગને અનુસરતિ ૭૭. એકાદશી આદિક વળી, ચાર જયંતિ જેહ; પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે, નિશ્ચે કરવી તેહ ૭૮. પવિત્ર

પ્રબોધિની, અકરતિલ, મેષ સતુઆ ક્ષર ભોગ; પુષ્ટિ-માર્ગીય વૈષ્ણવને પ્રસાદ લેવા યોગ ૭૯. શ્રવણ કથન શ્રીભાગવત, ગીતા વલ્લભી ગ્રંથ; તેમાં બુદ્ધિ રાખવી, વૃત્તિ રાખી સ્વસ્થ ૮૦. વૈષ્ણવનો આદર કરે, વૈષ્ણવનો સત્કાર; વૈષ્ણવથી સાચો રહે, એ વૈષ્ણવી વ્યવહાર ૮૧. વૈષ્ણવજન અતિ દોહ્યલા, તું અતિશે ધનવંત; કૃષ્ણભક્તિ જેહવી વિષે, તુજથી મોટા સંત ૮૨. તેથી ભુલે ના કરે, વૈષ્ણવનો અપરાધ; હૈડામાં હરિ દુભવ્યા, જેણે દુભવ્યા સાધ ૮૩. ધન્ય દશા વૈષ્ણવતણી, જે નિશ્ચય નિરવૃત્ય; સંપતિ વિપદ દુઃખસુખમેં, નેક ધરે નહિ ચિત્ત ૮૪. દોહિલા નહિ ચિત્ત ધરે, દેહતણું અભિમાન; જે જે અવસ્થા જે સમય, તેને આપે માન ૮૫. કોમળ હૃદય પવિત્ર મન, ચિત્ત નિર્મળ સ્થિર બુદ્ધિ; લલિત ગલિત લીલા વિષય, ગણે ન લૌકિક શુદ્ધિ ૮૬. ચિત્ત જેનાં હરિચરણમાં, ક્ષણ નવ અળગાં થાય; લૌકિક સુખ ઇંદ્રિય વિષય, રંચક હૃદય ન સમાય ૮૭. યદ્યપિ રહે પ્રવૃત્તિમાં, ચિત્તથી સદા નિવૃત્તિ; સ્વામી સેવક ભાવમાં, સદા દાસ એ વૃત્તિ ૮૮. બાંધ્યા બંધ શરીરના, હરિ સેવાને હેત; સેવાના સાગરભર્યા, ઇંદ્રિ-પ્રાણ સમેત ૮૯. રાત દિવસ સેવા તણા, મનમાં ઉમંગ અપાર; ઉઠવું પ્રાતઃકાળમાં, ક્ષણું ન લાગે વાર ૯૦. સાગર સમ ગંભીર મન, બાહિર ભીતર એક; રમી રહ્યા જેને હૃદે, સેવાતણા વિવેક ૯૧. આ માર્ગનું મૂળ ફળ, શ્રીવલ્લભ સિદ્ધાંત; કરવી સેવા

કૃષ્ણની, અવિછિન્ન પ્રેમાંત ૯૨. ઘર સુનું નવ રાખવું, લક્ષ વિન સેવ્ય સ્વરૂપ; ક્રિયા ભાવ વ્રજ ભક્તના, છે સેવા ફળ-રૂપ ૯૩. સાંભળ હવે પ્રણાલિકા, જે સેવાની રીત; પહેલી સેવા સ્વરૂપમાં, પુરૂષોત્તમ પરતીત ૯૪. સેવા સારૂં ઉઠવું, ઉગ્યે ન થાવું અંધ; સમય જવા નવ દીજીએ, આળસ તે પ્રતિબંધ ૯૫. સામગ્રી અળગી કરે, જળ સીધાને પાત્ર; તેમાં પોતાની મતિ, રાખે ન રંચક માત્ર ૯૬. અર્ધ ભુક્ત જે વસ્તુ છે, હરિ વિનિયોગ ન થાય; શ્રીઠાકુરજીની હોય તે, લૌકિકમાં ન કઢાય ૯૭. કદી જો કોઈ હરિતણા, આમે આપે વસ્ત; લાલચ કરી ન સમર્પીએ, હરિને નથી પ્રશસ્ત ૯૮. સ્વલ્પ આહાર નિદ્રા વિષય, તજે ક્રોધ ને કામ; ઉદ્યમ પોતાને નિમિત્ત, કરિ ન જોડે દામ ૯૯. કાળ ક્ષોભ હરિભજનમાં, આવશ્યક વ્યાવૃત્તિ; એમ કરવો ચિત્તમાં સદા, રહે દાસ આવૃત્તિ ૧૦૦. દ્રોહ ઘાત અનર્થ અહિત, તજવા કૂર છળ ભેદ; ઉદ્યમ એવો કીજીએ, જેમાં હોય ન ખેદ ૧૦૧. ઉદ્યમ પણ કરતાં કદી, દોહિલા દિન જાય; હરિ ઈચ્છા જાણી પ્રબળ, જરીએ નવ અકળાય ૧૦૨. જ્યારે આવી જે મળે, યથા લાભ સંતોષ; રહીએ સદા સંતોષમાં, ભાવ ન આણે દોષ ૧૦૩. હરિ અસમર્પિત વસ્તુ જે, તેનો તજવો સ્વાદ; ખાનપાન અધરાજ૯ છે, હરિના વિના પ્રસાદ ૧૦૪. સેવ્ય પ્રભુને જે સમય, જેવું અરપ્યું જાય; તેજ પ્રસાદે લેવ ત્યજ, સુખે પોષે કાય ૧૦૫. સખડી અનસખડી તણા, જાણે મૂળ વિચાર;

જે તે ધરે પ્રસાદનું, ના રાખે વ્યવહાર ૧૦૬. ઉત્સવના ઠ્હાઠા તણો, રહે ન સુનો લેશ; ઉત્સવદિન ઉત્સાહથી, કાંઇક કરે વિશેષ ૧૦૭. જ્યાં વૈર વિપ્રની સભા, મૂળ વૈરનો વાદ; ત્યાં મૌનજ પકડી રહે, કદી ન કરે વિવાદ ૧૦૮. હસે ન સેવાને સમય, વદે ન મિથ્યા વાદ; કોઇથી સેવાને સમય. કદી ન કરે વિવાદ ૧૦૯. કહ્યું સાંભળ્યું સર્વનું, મનમાં સર્વ સમાય; સહિયે આક્રમ સર્વનું, તલપાપડ નવ થાય ૧૧૦. થાય દષ્ટિ ઓર પરી, ચિત્ત ન જ્યાં ત્યાં જાય; મન સંકલ્પ વિકલ્પ તજી, હરિ શરણુ જો થાય ૧૧૧. દષ્ટિ બચાવે અ-વરની, ધરતાં ભોગ શ્રૃંગાર; સાવધાન સેવા કરે, પડે ન ચૂક લગાર ૧૧૨. ગૃહદારા સુત બંધુજન, દ્રવ્ય ખર્ચ ત્રસાય, જેવી શ્રદ્ધા થઇ શકે, તેવો કરે ઉપાય ૧૧૩. દ્રવ્યવંત જો હોય તો, નિત્ય નિત્ય નૌતન ભોગ, નિત્ય વાગા શૃંગારનો, નિત્ય નવ નવ ઉપયોગ ૧૧૪. કસર કરે નવ ખર્ચતાં, વળી કાયર નવ થાય; વળી લાભ લે જન્મનો, એવો કરે ઉપાય ૧૧૫. હરિ મંદિર અતિ મોકળાં, ચિત્રવિચિત્ર વિશાળ; ધોય ધાય નિત્ય રાખીએ, જેવાં ઝાક ઝમાળ ૧૧૬. નવી વસ્તુ જે સાંભળે, કૃષ્ણુ તણે ઉપયોગ; અતિક્ષિપ્ર[૧૦] લાવી કરે, તતક્ષણ હરિ વિનિયોગ ૧૧૭. સામગ્રી બહુ ભાતની, સ્નિગ્ધ મિષ્ટ ને નર્મ; ભોજન વસ્તુનો યત્ન કરે, એ સેવકનો ધર્મ ૧૧૮. કુંજા કરવા ઉષ્ણ ઋતુ, સઘળી શીતળ વસ્તુ; જે ઋતુમાં જે જે ઘટે, તે કરવી પ્રેમ પ્રશસ્ત ૧૧૯. રૂણીવત સેવાનો રહે,

નિત મનમાં પરિતાપ, રૂણી સુખે ન સુઈ શકે, રૂણનો મહા સંતાપ ૧૨૦. ભય રાજાવત્ સ્નેહ સ્ત્રીવત્, સુતવત્ હિત વાત્સલ્ય; સૌંદર્ય નિજ સખ્યવત, સકલ કૃત્ય સાફલ્ય ૧૨૧. પ્રસન્ન મન સેવા કરે, કદી ન થાય ઉદાસ; એમ જાણી કાયા વશે, લેશ ન ધરે પ્રયાસ ૧૨૨ હરિ સેવા મૂકે નહિં, કોઈને વિશ્વાસ, દેહ રખા થાવું નહિં, ઇંદ્રિને અધ્યાસ ૧૨૩. સેવા-રસ છાકયા રહે, મનમાં ઉમંગ અપાર; પોતાને હાથે કરે, વિવિધ ભોગ શૃંગાર ૧૨૪. વળી લીંપવું ગુંપવું, ઝાર ઝટક પાંખાર; સીવવું, ગુંથવું; પ્રોવવું, લે સઘળી સંભાળ ૧૨૫. જળ લાવે, ખાંડે, દળે, એવું લાગે મન; લૌકિકનાં અધિકારનું, લેશ ન ધરે ગુમંન ૧૨૬. એક કરૂં બીજો કરૂં, ત્રીજો કરવા જાય, ચોથો તે પણ હું કરૂં, અંગ ઉલટ ન સમાય ૧૨૭. વ્યસનવાન વૈષ્ણવ તણી, એ સેવાની રીત; સઘળી ઉમંગે કરે, ડગલે પગલે પ્રીત ૧૨૮. પોતાની સેવા તણો, ગોપ્ય રાખવા ધર્મ; લોક પ્રતિષ્ઠાને નિમિત્ત, રખે જણાવે મર્મ ૧૨૯. બાહિર પ્રતિષ્ઠા બુદ્ધિની, તેમાં પડે જો છાંટ; સર્વ કર્યો તે નવ કર્યો; કશું ન ખાટચો ખાટ ૧૩૦ આવશ્યક અભિમાન ત્યજ, રાખે દીન પ્રચાર; હું હરિને આધીન છું, નિશદિન એજ વિચાર ૧૩૧. ચિંતા કદી ન ચિત્ત ધરે, સુખ દુઃખ પ્રબળ સુભાવ; હરિ ઇચ્છા જાણી પ્રબળ, રાખે ચિત્ત દ્રઢાવ ૧૩૨. શ્રી વલ્લભ સિદ્ધાંત મન,

વૈષ્ણવનો સમુદાય; વળી સેવા સેવા વળી, વળી સેવાજ સુહાય ૧૩૩.

અથ પ્રશ્ન—કહો છો હરિ સેવા કરો, સેવાનો નહિ યોગ; હું દુર્બળ સેવા વિષે, દ્રવ્ય તણો ઉપયોગ ૧૩૪. નહિં સામર્થ્ય શરીરનું, નહિ માનુષ નહિ દામ; પ્રભુ પ-ધરાવી શું કરૂં, આ છે મોટું કામ ૧૩૫. થઈ શકે નવ થઈ શકે, ભેળા નવ સચવાય; કશું વિઘ્ન આવી પડે, દુષ્ટ હઆરથ થાય ૧૩૬. કહે એમ એવો થયો, કયો માંડી ઉ-પાધ્ય; એવા તો મોટા કરે, નહિં રંકને સાધ્ય ૧૩૭. ઠાલે હાથે હરિતણી, કહો સેવા કેમ થાય; તેથી વૈષ્ણવ પક્ષના, બીજા કહો ઉપાય ૧૩૮. કહો તો ગુણ ગાતો ફરૂં, કથા શ્રવણ સત્સંગ, એ શું હરિને પ્રિય નથી, કે નથી ભક્તિના અંગ ૧૩૯. સાંભળ ઉત્તર પ્રશ્નનું, સૂક્ષ્મ રૂપ અનુપ, શ્રવ-ણાદિક અંગભક્તિનાં, સેવા છે ફલરૂપ ૧૪૦. તેથી જ્યાં લગી થઈ શકે, આવશ્યક કરવી સેવ, સેવા જો નહિ થઈ શકે, શ્રવણાદિ તતખેવ ૧૪૧. દ્રવ્ય સાધ્ય સેવા નહિ, ખાસ ભાવપર ધાન, રંક રાવ સેવા કરે, હરિને એક સમાન ૧૪૨. પ્રભુ છે ભૂખ્યા ભાવના, જો નહિ સંપતિ યોગ; જળ લોટી મુઠી ચણા, પ્રભુને છપ્પનભોગ ૧૪૩. આભૂષણ વાગા તણી, પણ સામર્થ્ય નહોય, ગુંજા પોત જાડા વસન, સેવા ત્યજો ન કોય ૧૪૪. ઘર જો નવ હોય મોકળાં, તોઉ ન છાંડે ટહેલ; એક ગોખલો ઘર તણો, તે પ્રભુ માને મહેલ ૧૪૫. મનુષ્ય

તણા સંકોચથી, કોઇની નવ હોય સહાય; પોતાની જાતે કરે, જેવી સેવા થાય ૧૪૬. સેવા વીણ ઉદ્યમ કરી, જો જન સંચે ગ્રંથ, તેને બાધક રૂપ છે, સઘળા થાય અનર્થ ૧૪૭. વિન સેવા ખાવું પડે, વિના પ્રસાદી અન્ન; તેથી થાશે તે સમય, અસુર ભાવ ઉત્પન્ન ૧૪૮ આદરથી કાંઇ ના કરે, વિચરે કાંઈ ન કાજ, પેટભરા વૈષ્ણવ થયા, જશ ન પામે લાજ ૧૪૯. કરે રસોઇ નવી નવી, ઉદર પોષવા આપ; પેટભર્યા પશુવત થયા, ધરે વૈષ્ણવી છાપ ૧૫૦. મીઠું તીખું ને તમતમું, ઉનું ને વળી સ્વાદ; પ્રેત ભોજન વસ્તુ છે, હરિના વિના પ્રસાદ ૧૫૧. સખડી નાના ભાતની, અનસખડી પકવાન; અસમર્પિત જો ખાયતો, કુકર ભક્ષ સમાન ૧૫૨. ભુંડા મન સેવા વિષે, શાને કરે પ્રમાદ: હરિ સેવા રસરૂપ છે, કાં નવ માને સ્વાદ ૧૫૩. જે જે સેવા વિધિ કહી, તેમાં વિત્ત અનુસાર; જે જેમ તુંથી થઈ શકે, કર ન વિલંબ લગાર ૧૫૪. જો વૈષ્ણવનું આચરણ નથી, જો કશું નહિ નિરાધાર, તે જેમ સ્વામી સેવકના, લૌકિકના વ્યવહાર ૧૫૫. લૌકિક સ્વામી જે હશે, તેની પણ એ રીત; જેની જેવી ચાકરી, તેવી તે પર પ્રીત ૧૫૬. જુઓ નીચ ગતિ જારની તુચ્છ પ્રીતને માટ; જે જે પ્રિયને જેમ ગમે, તેમ કરે શીર સાટ ૧૫૭. વીર શિરોમણિ જે હશે, તે થાશે રણ-ધીર; નટ પણ વેશ પહોંચાડવા, શત ખંડ કરે શરીર:૧૫૮. અરે તું સેવક કૃષ્ણનો, સ્વામી શ્રીવ્રજરાય, જેવી તું સેવા

કરે, પ્રભુ તેવા વશ થાય ૧૫૯. તારે માથે હિવ્ય છે, હરિજનરૂપી છાપ; કર સેવા કાયર રખે, થાતો ખોવા માપ ૧૬૦. સંપતિ વિપતિ સુખદુઃખમાં, ધરનારી જન જેહ, હરિ સ્વરૂપ સેવા કરે, જ્યાં સુધી ચાલે દેહ ૧૬૧. પછીથી જેવું ભાગ્યબળ, તેનું કળ્યું ન જાય; હરિ ઇચ્છા બળીવંત છે, તે બુદ્ધિમાં ન સમાય ૧૬૨. જે જન સાધી નવ શકે, સેવાનાં ઉપકરણ; વિવિધ વિઘ્ન આવી પડે, દુષ્કૃતતણા આચરણ ૧૬૩. જે કોઇ થયો આસક્ત જન, તેના શું આચરણ, આવશ્યક શ્રદ્ધા સહિત, ચિત્ત રાખે હરિચરણ ૧૬૪. ઉદાસીન વળી થઇ રહે, વદે ન મિથ્યા આપ, હરિ-સેવા ના થઇ શકે, તેનો રહે પરિતાપ ૧૬૫. સાધુ સું મળતો રહે, નવ છોડે સત્સંગ, હરિ યશરસ ભીનો રહે, એ નવ છાડે રંગ ૧૬૬. શ્રીવલ્લભને ચરણે રતિ, કથા શ્રવણ ગુણગાન, હરિ દર્શન તીરથ અટન, લીલા અનુસં-ધાન ૧૬૭. એ શિક્ષા તેને સ્ફુરે, જેને હરિ અનુકૂળ, જેને શ્રીવલ્લભચરણ, ભકિતતણાં દ્રઢ મૂળ ૧૬૮. કહી કહી વળી શું કહું, બુદ્ધિનો શું પરિહાર; સેવા વિધિ રસ સિંધુનો, નથી વાર ને પાર ૧૬૯. ઉમંગ ઉપજે નવ નવા, વાણી વદ્યા ન જાય; એ છે મહા મોટો વિષય, મન વાણી ન સમાય ૧૭૦. શ્રીવલ્લભ મારગ તણા, આશય અતિ છે ગૂઢ; પ્રૌઢ ભાવ જેને હશે, તેને હૃદયારૂઢ ૧૭૧. હું તો છું અતિ મૂઢમતિ, ભૂલ્યો ભ્રષ્ટાચાર; પડયો પ્રબળ પા–

ખંડમાં, રચ્યું વિવિધ વિકાર ૧૭૨. વ્યાપ્યો આસુરાવેશ ચિત્ત, અસ્યો બહિર્મુખ દોષ, ભૂલ્યો અને ભમ્યો ફરૂં, લેશ ન મન સંતોષ ૧૭૩. આત્મદષ્ટિ ઉત્પન્ન નહિં, વાચાહિક અભિમાન, ભકિતભાવ રસ ભેદમાં, નથી સુદ્ધને સાન ૧૭૪. મૂળ મંત્ર મારગતણો, ન લહ્યો તત્ત્વ વિચાર જ્ઞાન વિના ગાથા કરૂં, એ અવિહિત વ્યવહાર ૧૭૫. પણ શ્રીવલ્લભ ચરણનું, બળ મોટું મનમાંય, તે સદ્ય પૂરે કામના, કલ્પવૃક્ષની છાંય ૧૭૬. દયા કરી મુજ દીન પર, જેવું પ્રેર્યું ચિત્ત, પોતાના મનને કર્યું, શિક્ષાનું સાહિત્ય ૧૭૭. ફાટીફુટી બુદ્ધિથી, જુઠે સાચે ભાન, મેં કાલાવાલા કર્યાં હરિને હાથ નિભાવ ૧૭૮. હવે એવી વિનતિ કરૂં, સુણો વૈષ્ણવ તુમ એવ, માર્ગ વિરૂદ્ધ જે અક્ષરો, શુદ્ધ કરો તતખેવ ૧૭૯. મેં ઓછે ઓછી મતે, મોટો કર્યો વિચાર, પરિપુરણ વૈષ્ણવ કરે, તે જાણો નિર્ધાર ૧૮૦.

॥ इति पुष्टि शिक्षा संपूर्णा ॥

---

૧. ક્રમ એટલે અનુક્રમ, મન પછી વાણી અને કર્મ. ૨, ૩, નાના=વિધવિધ, જુદા જુદા. ૪. ભાંતિ=રીતિ ૫. ભાંતિ=પ્રકાર. જાત, ૬. રતિ=પ્રીતિ. ૭ ઘેર=માયનો, ગેડ બેસાડી સમજાવવું. ૮. તલપાપડ= ધુવાંપુઆ, એકદમ આકળ વિકળ અઘરાજ=પાપના રાજા મહા પાપ પ્રભુના પ્રસાદ વિનાનું ખાવું તે મહાપાપ છે. ૧૦ ક્ષિપ્ર= જલદી, એકદમ.

પુષ્ટિમાર્ગીય મુખ્ય ઉત્સવોનું તિથિવાર ટિપ્પણ.

માસનું નામ	ઉત્સવનું નામ	તિથિ—વિશેષ
કાર્તિક શુકલપક્ષ:	અન્નકૂટોત્સવ (ગોવર્ધન પૂજા)	સુદિ ૧.
,,	યમદ્વિતીયા (ભાઇબીજ)	સુદિ ૨.
,,	ગોપાષ્ટમી	સુદિ ૮.
,,	પ્રબોધિની એકાદશી (આને દેવઉઠી પણ કહે છે ચાતુર્માસપૂર્ણ).	સુદિ ૧૧.
,,	શ્રી ગુસાંઇજીના પ્રથમ લાલજી શ્રી ગિરિધરજીનો અને પંચમ લાલજી શ્રીરઘુનાથજીનો પ્રાકટયોત્સવ.	સુદિ ૧૨.
કાર્તિક કૃષ્ણપક્ષ (વ્રજમાર્ગશીર્ષ કૃષ્ણપક્ષ)	શ્રીગુસાંઈજીના દ્વિતીય લાલજી શ્રીગોવિંદરાયજીનો પ્રાકટયોત્સવ.	વદિ ૮.
	ઉત્પત્તિ એકાદશી	વદિ ૧૧.
,,	શ્રીગુસાંઇજીના સપ્તમ લાલજી શ્રી ઘનશ્યામલાલજીનો પ્રાકટયોત્સવ	વદિ ૧૩.
માગશીર્ષ શુકલપક્ષ:	શ્રીગુસાંઇજીના ચતુર્થ લાલજી શ્રી ગોકુલનાથજીનો પ્રાકટયોત્સવ.	સુ. ૭.
,,	મોક્ષદા એકાદશી	સુ.૧૧

માર્ગશીર્ષ કૃષ્ણપક્ષઃ શ્રીગુસાંઇજી (શ્રીવિઠ્ઠલનાથજી)
(વ્રજ પૌષ કૃષ્ણપક્ષ) નો પ્રાકટ્યોત્સવ — વદિ ૯.
„ સફલા એકાદશી — વદિ ૧૧.
પૌષ શુકલપક્ષઃ પુત્રદા એકાદશી — સુદિ ૧૧.
પૌષ કૃષ્ણપક્ષઃ (વ્રજ માઘ કૃષ્ણપક્ષ) મકરસંક્રાંતિ........
„ ષટ્કલા એકાદશી — વદિ ૧૧.
આ દિવસે અવશ્ય તલની વસ્તુ ભોગ ધરવી
માઘ શુકલપક્ષઃ વસંતપંચમી — સુદિ ૫.
„ જયા એકાદશી — સુદિ ૧૧
„ હોરીડાંડો, દંડારોપણ ધમારકો આરંભ — સુદિ ૧૫
માઘ કૃષ્ણપક્ષ (વ્રજ ફાલ્ગુન કૃષ્ણ) શ્રીનાથજીનો પાટોત્સવ હાલ મેવાડમાં શ્રીજીદ્વારામાં બિરાજે છે. — વદિ ૭.
„ વિજયા એકાદશી — વદિ ૧૧.
ફાલ્ગુન શુકલપક્ષઃ શ્રી મથુરેશજીનો પાટોત્સવ હાલ કોટામાં બિરાજે છે. — સુદિ ૭.
„ કુંજ એકાદશી. — સુદિ ૧૧.
„ હોરી. હોલિકા પ્રદિપન. — સુદિ ૧૫.
ફાલ્ગુન કૃષ્ણપક્ષ (વ્રજ ચૈત્ર કૃષ્ણપક્ષ) દોલોત્સવ — વદિ ૧.
„ પાપમોચિની એકાદશી — વદિ ૧૧.

ચૈત્ર શુકલપક્ષઃ શ્રીગુસાંઈજીનાં છઠ્ઠા લાલજી શ્રી–
યદુનાથજી મહારાજનો પ્રાકટ્યોત્સવ સુદિ ૬.
" શ્રીરામનવમી સુદિ ૯.
" કામદા એકાદશી સુ. ૧૧.

ચૈત્ર કૃષ્ણપક્ષઃ (વ્રજવૈશાખ કૃષ્ણપક્ષ) વરૂથિની
એકાદશી–શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચા-
ર્યજીનો પ્રાકટ્યોત્સવ વદિ ૧૧.
વૈશાખ શુકલપક્ષઃ અક્ષયતૃતિયા. (ચંદનયાત્રા). સુદિ ૩.
" મોહિની એકાદશી સુદિ ૧૧.
" નૃસિંહજયંતી સુદિ ૧૪,
(નરસિંહ ચતુર્દશી)
વૈશાખ કૃષ્ણપક્ષ. (વ્રજ જયેષ્ઠ. કૃષ્ણપક્ષ)
અપરા એકાદશી વદિ ૧૧.
જયેષ્ઠ શુકલપક્ષઃ ગંગાદરો આરંભ.
શ્રીગંગાજીનાં પદ ગાવાં સુદિ ૧.
" ગંગાદશમી શ્રીયમુનાજીનો
ઉત્સવ મનાય છે. સુદિ ૧૦.
" નિર્જલા એકાદશી સુદિ ૧૧.
" જયેષ્ઠાભિષેક સ્નાનયાત્રા સુદિ ૧૫.
જયેષ્ઠ કૃષ્ણપક્ષ (વ્રજ આષાઢ
કૃષ્ણપક્ષ) યોગિની એકાદશી સુદિ ૧૧.

આષાઢ શુકલપક્ષ રથયાત્રા. સુદિ ૨.
,, શ્રીદ્વારિકાધીશનો પાટોત્સવ સુદિ ૫.
,, કસુંબા છઠ્ઠ સુદિ ૬.
,, દેવશયની એકાદશી ચતુર્માસ આરંભ. સુદિ ૧૧.

આષાઢ કૃષ્ણપક્ષ (વ્રજ શ્રાવણ
કૃષ્ણપક્ષ) હિંદોલાનો આરંભ વદિ ૧.
,, શ્રીગોકુલચંદ્રમાજીનો પાટોત્સવ વદિ ૪.
(શ્રીચંદ્રમાજીના ઘરમાં હિંદોલા
આજથી શરૂ થાય છે.)
,, કામદા એકાદશી વદિ ૧૧.
કોઇ કોઈ ઘરમાં આ એકાદશીએ
પણ કુંજ હિંદોલા હોય છે).
શ્રાવણ શુકલપક્ષ ઠકુરાણી ત્રીજ (મધુસ્રવા) સુદિ ૩.
,, નાગપંચમી સુદિ ૫.
,, પુત્રદા એકાદશી સુદિ ૧.
,, પવિત્રા દ્વાદશી. આ દિવસે શ્રી
ગુરુદેવને પવિત્રાં ધરાવવાં. સુદિ ૧૨.
,, રક્ષાબંધન સુદિ ૧૫.
શ્રાવણ કૃષ્ણપક્ષ: (વ્રજ ભાદ્રપદ કૃષ્ણપક્ષ)
હિંદોળા વિજય વદિ ૧.
,, જન્માષ્ટમી (ગોકુળઅષ્ટમી) વદિ ૮.

„ નંદમહોત્સવ વદિ ૯.
„ અજા એકાદશી વદિ ૧૧.
ભાદ્રપદ શુકલપક્ષ: રાધાઅષ્ટમી સુદિ ૮.
„ શ્રી દશદિગન્તવિજયી લેખવાળા
શ્રીપુરુષોત્તમજીનો પ્રાકટ્યોત્સવ સુદિ ૧૦.
„ પરિવર્તિની એકાદશી (દાન એકાદશી) સુદિ ૧૧.
„ વામન જયંતિ સુદિ ૧૨.
ભાદ્રપદ કૃષ્ણપક્ષ (વ્રજ આશ્વિન કૃષ્ણપક્ષ)
સાંજીનો આરંભ વદિ ૧.
„ શ્રીહરિરાયજીનો પ્રાકટ્યોત્સવ વદિ ૫.
„ ઇંદિરા એકાદશી વદિ ૧૧.
„ શ્રી મહાપ્રભુજીના મોટા લાલજી શ્રી
ગોપીનાથજીનો પ્રાકટ્યોત્સવ વદિ ૧૨.
ભાદ્રપદ કૃષ્ણપક્ષ: (વ્રજ આશ્વિન કૃષ્ણપક્ષ)
શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રી
બાળકૃષ્ણલાલજીનો પ્રાકટ્યોત્સવ વદિ ૧૩.
„ સાંજીની સમાપ્તિ. કોટની આર્તિ) વદિ ૦)),
આશ્વિન શુકલપક્ષ: નવરાત્રિનો આરંભ સુદિ ૧.
„ વિજય દશમી (દશહરા) સુદિ ૧૦.
„ પાશાંકુશા એકાદશી સુદિ ૧૧,
„ શરદપૂર્ણિમા (રાસોત્સવ) સુદિ ૧૫,
આશ્વિન કૃષ્ણપક્ષ: (વ્રજ કાર્તિક કૃષ્ણપક્ષ)
„ રમા એકાદશી વદિ ૧૧,

,,	ધનતેરસ	વદિ ૧૩.
,,	રૂપ ચતુર્દશી (અભ્યંગ સ્નાન)	વદિ ૧૪.
,,	દીપોત્સવી-દિવાળી હટડી	વદિ ૦)).

રસિક વિલાસ ભા. ૧ લો—થોડાજ વખતમાં બહાર પડશે; શ્રીસર્વોત્તમજી, શ્રીવલ્લભાષ્ટક અને સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃતની જપની જુદા જુદા પ્રકારની ભાવનાઓ આ ગ્રંથમાં આપવામાં આવી છે. શ્રીસર્વોત્તમજીપરની અને શ્રીવલ્લભાષ્ટકપરની શ્રીગોકુલનાથજીની વિસ્તૃત ટીકાઓનો અક્ષરશઃ અનુવાદ, તે સાથે શ્રીહરિરાયજીની સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃતની અત્યન્ત વિસ્તૃત ટીકાનો અનુવાદ આપવામાં આવ્યો છે. ભાષા બાળકોને અને સ્ત્રીઓને તથા થોડું ભણેલા ભગવદીયોને સમજણ પડે એવી તદ્દન સહેલી રાખવામાં આવી છે. શ્રીમહાપ્રભુજીનાં નામ, રૂપ અને ગુણ જાણવાં હોય તો જલદી ગ્રાહક થાઓ. પુસ્તક પંદર ફૉર્મોનું થશે, છતાં ન્યોછાવર માત્ર ૦—૫—૦. **અનુવાદક-દીનકિંકર.**

રસિક બોધવચનો—મહાનુભાવી ઈચ્છારામભટજીનાં રસિક બોધવચનો. આ બોધવચનોનું મનન નહિ કરે તે તો જરૂર પસ્તાશે. આ મહાનુભાવીએ હદ કરી નાખી છે. પુસ્તક છપાઇ ગયું છે, બંધાઇને થોડાજ વખતમાં બહાર પડશે. જલદી મંગાવો. આ મહાનુભાવીના વિસ્તૃત અને ચમત્કારીક જીવનચરિત્ર સાથે આ પુસ્તક છપાય છે. ભકત

કવિ દયારામભાઇને વૈષ્ણવ બનાવનાર મહાનુભાવીનાં વચનામૃત ચમત્કારી હોય એમાં તો કહેવુંજ શું? પુસ્તક ૨૨૫ પેજનું થશે. છુટક નકલના ૦–૪–૦

ભકિતમાર્ગીય સસ્તી ગ્રંથમાળા કાર્યાલય—આ કાર્યાલય વૈષ્ણવ બંધુઓને ભકિતમાર્ગીય સસ્તું સાહિત્ય પુરૂં પાડવા ખોલવામાં આવ્યું છે. બાળશિક્ષાનાં પુસ્તકોની ન્યોછાવરપરથી આ વાતની વૈષ્ણવબંધુઓને ખાત્રી છે. હાલ તો સવડ પ્રમાણે નાનાં નાનાં પુસ્તકો છપાય છે, પણ ભવિષ્યમાં તદ્દન સોંઘાં અને સહેલી ભાષામાં સાંપ્રદાયિક સાહિત્યનાં મોટાં પુસ્તકો પણ પ્રકટ થશે. હાલ શ્રીહરિરાયજીકૃત મોટું શિક્ષાપત્ર છપાવવાની તૈયારીઓ ચાલી રહી છે. આ પુસ્તકની ન્યોછાવર માત્ર ૧ થી ૧। રૂપીઓ રહેશે. વળી મફત વહેંચવા લહાણી કરનારને તો ૮૦ થી ૯૦ રૂપીએ સો આપવામાં આવશે. ઉદાર ધનિકો આ કાર્યાલયને મદદ કરે છે. કોઈ પણ વૈષ્ણવ મદદ કરે તેને તેટલાનાં પુસ્તકો વહેંચવા માટે આપી દેવામાં આવે છે. આમ કરવાથી સાંપ્રદાયિક સાહિત્ય પણ ફેલાય છે. પાંચથી વધુ શિક્ષાપત્ર લેનારને મદદનીશ તરીકે ગણવામાં આવશે. પાંચ હજાર પ્રત છપાશે.

દીનકિંકર.
ઠે. રેવડી બજાર,
અમદાવાદ.

ભક્તિમાર્ગીય સસ્તી ગ્રંથમાળા

વૈષ્ણવ બાળગ્રંથમાળા: તદ્દન સસ્તી, સહેલી અને રસિક ભાષામાં વિશાળ દૃષ્ટિથી લખાએલી અને ખૂબ લોકપ્રિય થઇ પડેલી આ ગ્રંથમાળા ખાસ તમારાં બાળકોના પવિત્ર અને કોમળ કરમાં મૂકી આશીર્વાદ મેળવો. અસરકારક પ્રભુભક્તિ, ગુરુભક્તિ, માતૃભક્તિ, પિતૃભક્તિના પાઠોવાળી આ ગ્રંથમાળા છે. નીતિ અને ભક્તિ, પવિત્રતા અને આચાર, દયા અને દીનતા, પ્રેમ અને આનંદ એ સર્વથી શબ્દે શબ્દે છલકાતી આ ગ્રંથમાળા છે.

વળી ચતુર્થ પંચમ પીઠાધીશ્વર ગો. શ્રી ૧૦૮ શ્રીવલ્લભાચાર્યજી મહારાજશ્રીની આજ્ઞાનો આ વિલાસ છે.

નામ	પૃષ્ટ	નકલની કિંમત	સો પ્રતના
વૈષ્ણવ બાળપોથી	૬૮	૦-૧-૬	૮-૦-૦
,, બાળશિક્ષા ભા. ૧લો નવી	૭૬	૦-૧-૬	૮-૦-૦
,, બાળશિક્ષા ભા ૧ જૂની	૩૬	૦-૦-૯	૪-૦-૦
,, બાળશિક્ષા ભા. ૨ જો	૬૮	૦-૧-૬	૮-૦-૦
,, બાળશિક્ષા ભા. ૩ જો	૧૦૦	૦-૨-૩	૧૨-૦-૦
,, બાળશિક્ષા ભા. ૪ થો	૧૪૦	૦-૩-૩	૧૭-૦-૦
,, બાળપ્રાર્થના	૪૦	૦-૧-૦	૫-૦-૦
દીનતા ને આશ્રયનાં પદ તથા			
પુષ્ટિ શિક્ષા (વર્ષોત્સવોસાથે)	૪૪	૦-૧-૩	૬-૦-૦
મહાનુભાવી ઇચ્છારામ ભટ્ટનાં			
રસિક બોધ વચનો ૨૨૫ પેજ		૦-૪-૦	

આ ગ્રંથમાળાની ૮૫ હજાર પ્રત થઇ છે.

આગળ દર્શાવેલાં પુસ્તકો મળવાનાં ઠેકાણાં 12

દીનકિંકર: ઠે. રેવડી બજાર–અમદાવાદ

પ. બ. લલ્લુભાઈ છગનલાલ રીચીરોડ ડુ. નં. ૧૧૦–અમદાવાદ

અ. સૌ ભગવતી વિજળીબાઈ લાયબ્રેરી વડોદરા

પ. બ. પુનમચંદ સાંકળચંદ દોશી. શિક્ષક, હાઈસ્કુલ–મોડાસા

,, ચુનિલાલ કૃષ્ણાશંકર, મોટું મંદિર મુંબઈ નં. ૬

,, મણીલાલ જગજીવનદાસ દેસાઈ ગોધરા

(પુષ્ટિમાર્ગીય પાઠશાળા) ,,

,, બક્ષીજી મગનલાલ હરિલાલ દેવગઢબારીઆ

,, શાસ્ત્રી નરોત્તમ મોતીરામ પુરાણરત્ન–કપડવંજ પાઠશાળા, કપડવંજ.

,, તુલસીદાસ લલ્લુભાઈ ધંધુકા

,, ચુનિલાલ ગિરિધરદાસ વાસા શ્રીજીવનલાલજીની હવેલી ભાવનગર

,, વૈદ્યજી જુઠાજી જુંગાણીનું ફળીયું, ધોરાજી

,, ચંદુલાલ ચુનિલાલ માસ્તર ડેમાઈ.

,, ઉત્તમરામ જમનાદાસ પારડી

,, છગનલાલ શિવલાલ દેસાઈ દાહોદ

,, દુર્લભદાસ ભૂખણદાસ (રામવિજય પ્રેસ) વલસાડ

,, પુરાણી રણછોડભાઈ પાઠશાળા પ્રાંતીજ
